માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રીઓ/પુરુષો માટેના પુન:સ્થાપન ગૃહોમાંની હંગામી જગાઓની મુદ્દત વધારવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૯/૨૫૭૫૧૦/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૯/૦૨/૨૦૨૦.

વંચાણે લીધા-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૦/૧૦/૨૦૧૯નો ઠરાવ.

(3) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરનો તા.૧૩/૦૨/૨૦૨૦નો પત્ર નં.મકમ/ હંગામીજગ્યા /મુ.વ./૧૯-૨૦/૭૩૫

આમુખ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૦/૧૦/૨૦૧૯ના ઠરાવથી માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રીઓ/પુરુષો માટે રાજ્યમાં અમદાવાદ, ગાંધીનગર (ડભોડા-માત્ર મહિલાઓ માટે), રાજકોટ, ભુજ, સુરત, જામનગર અને વડોદરા ખાતે સરકારી ધોરણે પુન:સ્થાપન ગૃહ શરૂ કરવા અંગેની વર્ષ ૨૦૧૯-૨૦નાં અંદાજપત્રમાં મંજૂર રહેલ નવી બાબતની કુલ રૂ.૧૭૨.૯૨ લાખની જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, જેમાં કુલ-૧૨૬ હંગામી જગ્યાઓ ઉભી કરાયેલ હતી. આ ૧૨૬ હંગામી જગ્યાઓની મુદ્દત તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી વધારી આપવા બાબતની નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરની વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૧૩/૦૨/૨૦૨૦ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૨) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રીઓ/પુરુષો માટે રાજ્યમાં અમદાવાદ, ગાંધીનગર (ડભોડા-માત્ર મહિલાઓ માટે), રાજકોટ, ભુજ, સુરત, જામનગર અને વડોદરા ખાતે સરકારી ધોરણે પુન:સ્થાપન ગૃહોની નીચેના કોષ્ટકની વિગતે કુલ-૧૨૬ હંગામી જગ્યાઓમાંથી ભરાયેલ ૮૪ જગ્યાઓને તથા ૧ વર્ષથી ઓછા સમયથી ખાલી એવી ૪૨ જગ્યાઓને ભરાયેલ હોવાની શરતે તા.૦૧/૦૩/૨૦૨૦ થી તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

સમાજ સુરક્ષા ખાતા હેઠળના માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રીઓ/પુરૂષો માટે પુનઃસ્થાપન ગૃહો અમદાવાદ,ગાંધીનગર (ડભોડા-માત્ર મહિલાઓ માટે), રાજકોટ,ભુજ,સુરત,જામનગર,વડોદરા)ની હંગામી જગ્યાઓની વિગત દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | હંગામી જગ્યાનો હોદ્દો | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | એક વર્ષથી નીચેની | એક વર્ષથી ત્રણ વર્ષ સુધીની | ત્રણ વર્ષથી ઉપરની |
| ૧ | ૨ | 3 | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | અધિક્ષક/ઓફિસર ઇનચાર્જ | 3 | ૭ | ૭ | - | - | - |
| ૨ | ગૃહમાતા/ગૃહપતિ | 3 | ૧૪ | - | ૧૪ | - | - |
| 3 | સીની.કલાર્ક/એકાઉન્ટન્ટ | 3 | ૭ | - | ૦૭ | - | - |
| ૪ | એટેન્ડન્ટ(આઉટસોર્સ) | ૪ | ૨૮ | ૨૮ | - | - | - |
| ૫ | રસોયા(આઉટસોર્સ) | ૪ | ૭ | ૭ | - | - | - |
| ૬ | મદદ.રસોયા(આઉટસોર્સ) | ૪ | ૭ | ૭ | - | - | - |
| ૭ | હાઉસ કીપર(આઉટસોર્સ) | ૪ | ૭ | ૭ | - | - | - |
| ૮ | ચોકીદાર(આઉટસોર્સ) | ૪ | ૧૪ | ૧૪ | - | - | - |
| ૯ | સ્વીપર(આઉટસોર્સ) | ૪ | ૧૪ | ૧૪ | - | - | - |
| ૧૦ | નર્સિંગ સ્ટાફ(કેરગીવર) | 3 | ૭ | - | ૭ | - | - |
| ૧૧ | વીઝીટીંગ સાયક્રીયાટ્રીસ્ટ | ૨ | ૭ | - | ૭ | - | - |
| ૧૨ | વીઝીટીંગ મેડીકલ ઓફિસર | ૨ | ૭ | - | ૭ | - | - |
| | કુલ | | ૧૨૬ | ૮૪ | ૪૨ | - | - |

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના સરખા ક્રમાંકના તા.૧૦/૧૦/૨૦૧૯ના ઠરાવની અન્ય શરતો/વિગતો યથાવત રહેશે.

આ મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.)ની તા.૨૭/૦૨/૨૦૨૦ની તથા અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૨૮/૦૨/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા,બ્લોક નં-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- ના.સે.અ.શ્રીની સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.